**<u>સંકલિત બાળ વિકાસ યોજનાની કામગીરી અને પ્રગતિની વિગતોની સમીક્ષા માટેની જુદાજુદા સ્તરે સમિતિઓની રચના બાબત.</u>**

**<u>મોનીટરીંગ અને સુપરવિઝન માટે વિવિધ કમિટિઓની રચના કરવા બાબત.</u>**

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઈસીડી-૧૧૨૦૧૧-જીઓઆઈ.૫૪-બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૨-૦૮-૨૦૧૧

<u>સંદર્ભઃ</u>- (૧) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા.૩૧-૩-૨૦૧૧નો પત્ર ક્રમાંકઃ એફ.નં.-૧૬-૮-૨૦૧૦-એમઈ

<u>ઠ રા વઃ-</u>

સંકલિત બાળ વિકાસ સેવા યોજનાનો લાભ રાજયના દરેક ગામ સુધી પહોંચે તે માટે રાજયમાં ૩૩૬ ઘટકો મારફત કુલ ૫૦,૦૨૬ આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ૬ માસથી ૬ વર્ષના બાળકોને તેમજ ગર્ભવતી સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓને પુરક પોષણ આપવામાં આવે છે. આ યોજનાનો વ્યાપ અને લાભાર્થીઓની સંખ્યા સમયાંતરે વધતી જાય છે.

આ યોજનાની કામગીરી અને પ્રગતિની સમીક્ષા સમયાંતરે થાય તે જરૂરી જણાતાં ભારત સરકાર દ્વારા ઉપર સંદર્ભ-૧ માં દર્શાવેલ તા.૩૧-૩-૨૦૧૧ના પત્રથી આ યોજનાના અસરકારક અમલ માટે વિવિધ કક્ષાએ મોનીટરીંગ અને સુપરવિઝન માટે ગ્રામ્ય સ્તર સુધીની સમિતિઓની રચના કરવાનું સુચવેલ હતું. તદઅનુસાર પુખ્ત વિચારણાના અંતે આ યોજના માટે નીચે દર્શાવેલ વિવિધ કમિટિઓની રચના કરવામાં આવે છે.

ભારત સરકારશ્રીની ગાઈડલાઈનમાં આ સમગ્ર સમિતિઓનું બંધારણ દર્શાવેલ છે. તે મુજબ રાજય કક્ષાની **"State Monitoring & Supervision Committee"** જીલ્લા કક્ષાની **"District Monitoring & Review Committee"** પ્રોજેકટ કક્ષાની **"Project level Committee"** (તાલુકા કક્ષાએ) અને ગ્રામ્ય કક્ષાની **"Village level Committee"**ઓની રચના કરવાની રહે છે. તે મુજબ આ તમામ સમિતિઓના બંધારણ પ્રમાણે નીચે મુજબની સમિતિઓનું ગઠન કરવામાં આવે છે.

- રાજય કક્ષાની સમિતિની રચના વિભાગ કક્ષાએથી આથી જાહેર કરવામાં આવે છે.

(અ) રાજય કક્ષાની **"State Monitoring & Supervision Committee"**

| | |
|---|---|
| (૧) મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષ |
| (૨) સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિકમુખ્યસચિવશ્રી (સા.વ.વિ.) આયોજન પ્રભાગ | સભ્ય |
| (૩) સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિકમુખ્યસચિવશ્રી,નાણા વિભાગ | સભ્ય |
| (૪) સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિકમુખ્યસચિવશ્રી, આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ | સભ્ય |
| (૫) અગ્રસચિવશ્રી અને કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ | સભ્ય |
| (૬) સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિકમુખ્યસચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ | સભ્ય |
| (૭) સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિકમુખ્યસચિવશ્રી, પાણી પુરવઠા વિભાગ | સભ્ય |
| (૮) સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિકમુખ્યસચિવશ્રી, શિક્ષણ વિભાગ | સભ્ય |
| (૯) સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિકમુખ્યસચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ | સભ્ય |
| (૧૦)સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિકમુખ્યસચિવશ્રી, અન્ન અને નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | સભ્ય |
| (૧૧) સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિકમુખ્યસચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ વિભાગ (In charge of ICDS) | સભ્ય |

(૧૨) માન.સંસદસભ્યશ્રીઓ

| | |
|---|---|
| ૧. સુશ્રી જયશ્રીબેન કનુભાઈ પટેલ મા.સંસદસભ્યશ્રી(મહેસાણા મત વિસ્તાર) | સભ્ય |
| ૨. શ્રી સી.આર.પાટીલ મા.સંસદસભ્યશ્રી (નવસારી મત વિસ્તાર) | સભ્ય |
| ૩. શ્રી વિજયકુમાર રૂપાણી, મા.સંસદસભ્યશ્રી (રાજય સભા) | સભ્ય |
| ૪. શ્રી રામસિંગભાઈ પાતળાભાઈ રાઠવા, મા.સંસદસભ્યશ્રી (છોટાઉદેપુર મતવિસ્તાર) | સભ્ય |
| ૫. શ્રીમતી દર્શના વિક્રમ જરદોશ, મા.સંસદસભ્યશ્રી (સુરત મત વિસ્તાર) | સભ્ય |

(૧૩) માન.ધારાસભ્યશ્રીઓ

૧. શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ મત વિસ્તાર) — સભ્ય
૨. શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ મત વિસ્તાર) સભ્ય
૩. શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ મત વિસ્તાર) સભ્ય
૪. શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર ઉત્તર મત વિસ્તાર) સભ્ય
૫. શ્રીમતી ગીતાબેન યોગેશભાઈ પટેલ (સાબરમતી મત વિસ્તાર) સભ્ય

(૧૪) સ્ટેટ મીશન ડાયરેકટર નેશનલ રૂરલ હેલ્થ મીશન સભ્ય
(૧૫) રીજીયોજનલ ડાયરેકટર (NIPCCD) સભ્ય
(૧૬) ફુડ એન્ડ ન્યુટ્રીશન બોર્ડ, સ્ટેટ/રીજીયોનલ ઓફીસ સભ્ય
(૧૭) પ્રીંસીપાલ, મીડલ લેવલ ટ્રેનીંગ સેન્ટર (MLTC) સભ્ય
(૧૮) પ્રીંસીપાલ, આંગણવાડી વર્કર ટ્રેનીંગ સેન્ટર (AWTC) સભ્ય
(૧૯) નિયામકશ્રી, મહિલા અને બાળ વિકાસ (In charge of ICDS) સભ્યસચિવ

આ સમિતિની બેઠક દર છ માસે બોલાવવાની રહેશે.

(બ) જીલ્લા કક્ષાની **"District Monitoring & Review Committee"**

૧. સબંધિત જીલ્લાના કલેકટરશ્રી : અધ્યક્ષ
૨. સબંધિત જીલ્લાના જીલ્લામુખ્ય કારોબારી અધિકારીશ્રી સભ્ય
૩. સબંધિત જીલ્લાના જીલ્લા વિકાસ અધિકારીશ્રી સભ્ય
૪. સબંધિત જીલ્લાની સીવીલ હોસ્પીટલના સીવીલ સર્જનશ્રી સભ્ય
૫. સબંધિત જીલ્લાના જીલ્લા આયોજન અધિકારીશ્રી સભ્ય
૬. સબંધિત જીલ્લાના સમાજ કલ્યાણ અધિકારીશ્રી સભ્ય
૭. સબંધિત જીલ્લાના જીલ્લા કૃષિ અધિકારીશ્રી સભ્ય
૮. પ્રોજેકટ ઓફિસરશ્રી (DRDA)/MNREGA સભ્ય
૯. સબંધિત જીલ્લાના કાર્યાપાલક ઈજનેરશ્રી (પંચાયત) સભ્ય
૧૦. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી સભ્ય
૧૧. સંબંધિત જીલ્લાના સંસદ સભ્યશ્રી સભ્ય
૧૨. સંબંધિત જીલ્લાના ધારાસભ્યશ્રીઓ સભ્ય
૧૩. પ્રીંસીપાલ, મીડલ લેવલ ટ્રેનિંગ સેન્ટર સભ્ય
૧૪. પ્રીંસીપાલ, આંગણવાડી ટ્રેનિંગ સેન્ટર સભ્ય

૧૫. ફીલ્ડ યુનિટ ઓફ ફૂડ એન્ડ ન્યુટ્રીશન બોર્ડ — સભ્ય

૧૬. સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીશ્રીઓ (કોઈપણ ત્રણ) સભ્ય

૧૭. જીલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ) સભ્યસચિવ

જીલ્લા કક્ષાની "**District Monitoring & Review Committee**" ની રચના સંબંધિત જીલ્લાના જીલ્લા કલેકટરશ્રીએ કરવાની રહેશે. આ સમિતિની બેઠક દર ત્રણ માસે બોલાવવાની રહેશે.

(ક) તાલુકા કક્ષાની "**Block level Monitoring & Review Committee**" (તાલુકા કક્ષાની)

| | |
|---|---|
| ૧. સબંધિત તાલુકાના નાયબ કલેક્ટરશ્રી | અધ્યક્ષ |
| ૨. સબંધિત તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| ૩. સબંધિત તાલુકાના મેડીકલ ઓફીસરશ્રી | સભ્ય |
| ૪. સબંધિત જીલ્લા કેળવણી નિરીક્ષકશ્રી | સભ્ય |
| ૫. સબંધિત તાલુકાના કૃષિ વિસ્તરણ અધિકારી | સભ્ય |
| ૬. સબંધિત તાલુકાના તાલુકા/નગર પંચાયત પ્રતિનિધિ | સભ્ય |
| ૭. આંગણવાડી તાલીમ કેન્દ્રના પ્રીંસીપાલ | સભ્ય |
| ૮. સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાના બે પ્રતિનિધિ | સભ્ય |
| ૯. સંબંધિત તાલુકાના સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી | કન્વીનર |

- "**Block level Monitoring & Review Committee**" (તાલુકા કક્ષા)ની રચના સંબંધિત જીલ્લાના જીલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રીએ કરવાની રહેશે. આ સમિતિની બેઠક દર માસે બોલાવવાની રહેશે.

(ડ) ગ્રામ્ય કક્ષાની "**Village level Committee**"

| | |
|---|---|
| ૧. સબંધિત ગામના ગ્રામ પંચાયતના મહિલા સદસ્ય. | અધ્યક્ષ |
| ૨. મહિલા મંડળ (બે સભ્યો રોટેશન પ્રમાણે) | સભ્ય |
| ૩. સબંધિત ગામના આશા વર્કર | સભ્ય |
| ૪. કોમ્યુનીટી બેઝ સંસ્થાના બે સભ્યો | સભ્ય |
| ૫. કોમ્યુનીટી બેઝ (શિક્ષક/નિવૃત્ત સરકારી અમલદારશ્રી/ આંગણવાડીમાં હાજર રહેતા વાલીઓ)માંથી ત્રણ સભ્યો | સભ્ય |
| ૬. સખી "સબલા" કાર્યક્રમ હેઠળની જો હોય તો | સભ્ય |
| ૭. આંગણવાડી કાર્યકર | કન્વીનર |

- સંબંધિત ગામના ગ્રામ પંચાયતના મહિલા સભ્યશ્રીના અધ્યક્ષપણા હેઠળની આ સમિતિની રચના સંબંધિત તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.
આ સમિતિની બેઠક દર માસે કરવાની રહેશે.

- આ યોજનાના અમલીકરણ તેમજ સમિતિઓના કાર્યો અને ફરજો અંગે ભારત સરકારશ્રીના તા.૩૧-૩-૨૦૧૧ના પત્રની તમામ સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

- ઉપર સૂચવ્યા મુજબ (ક્રમાંક 'અ' સિવાય) ની તમામ સમિતિઓની રચના કરીને તેના ઠરાવો મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને તેમજ નિયામકશ્રી (આઈસીડીએસ) ગાંધીનગરને મોકલવાનું આથી જણાવવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે**

(રાજેશ રાજ્યગુરૂ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,
- માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય,ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રીઓ (આઇસીડીએસ) જીલ્લા પંચાયત.
- શ્રીમતી વર્ષાબેન તલાજીયા,
  અધ્યક્ષા, ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘ
  ત્રીજો માળ, તુલસી ચેમ્બર્સ, ગૃહ લક્ષ્મીની સામે, તીરછલ્લા રોડ, ભાવનગર.
- શ્રી અરૂણભાઈ મહેતા, કો–ઓર્ડીનેટર, ગુજરાત આંગણવાડી સંગઠન, પ્રાથના સમાજ, રાયખડ, [illegible] રોડ, અમદાવાદ.
- સિલેકટ ફાઈલ.